# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## મહાનગર સેવા સદન
## જાહેરખબર ક્રમાંક- ૧૮ /૨૦૦૯-૧૦

અંબુભાઇ પુરાણી વ્યાયામ વિદ્યાલય માટે નીચે જણાવેલ જગ્યાઓ ભરવા માટે **તા.૧૮.૦૩.૨૦૧૦** સુધીમાં આસી.મેનેજરશ્રી, સેન્ટ્રલ ઓફિસ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૧ને મળે તે રીતે નિયત ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ તથા સંખ્યા | સહાયક અધ્યાપક ૧-બિનઅનામત | સહાયક અધ્યાપિકા ૧-બિનઅનામત |
|---|---|---|
| પગાર ગ્રેડ | નિમણુંકના પ્રથમ પાંચ વર્ષ માટે માસિક રૂ.૩૫૦૦/- ફીક્સ વેતનથી, ત્યારબાદ કામગીરીના મુલ્યાંકનને ધ્યાને લઇ રૂા.૯૩૦૦/૩૪૮૦૦ પીબી-૨(ગ્રેડ પે ૪૨૦૦)+ નિયમ મુજબ મળી શકતાં અન્ય ભથ્થાંથી નિમણુંક આપવામાં આવશે. | |
| લાયકાત | કોઇપણ માન્ય યુનિ.ના ગ્રેજ્યુએટ શારીરીક શિક્ષણનો રાજ્ય પરીક્ષા બોર્ડનો ડીપ્લોમા કોર્સ (ડીપીએડ) પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. અથવા માન્ય યુનિ.નો શારીરીક શિક્ષણના બી.પી.એડ.કોર્સની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ તેમજ શારીરીક તાલીમ આપવા અંગેનો બે વર્ષનો અનુભવ હોવો જોઇએ. | |
| ઉંમર | ૩૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહીં, સિવાયકે અ.મ્યુ.કો.ની નોકરીમાં ચાલુ હોય. | |

**નોંધ:**

(૧) ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાત(માર્કશીટ,ડીગ્રી સર્ટી.એટેમ્પ્ટ સર્ટી.),અનુભવ તથા ઉંમર અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ નકલો સામેલ કરવી.
(૨) ઉમેદવારોએ લેખિત પરીક્ષા અને / અથવા ઇન્ટરવ્યુ / ટ્રેડ ટેસ્ટ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
(૩) નોકરી કરતાં ઉમેદવારોએ ખાતા મારફતે અરજી મોકલવાની રહેશે.
(૪) અધૂરી વિગતોવાળી,નિયત ફોર્મમાં ન હોય તેવી,ઝેરોક્ષ અરજીપત્રક કે છેલ્લી તારીખ બાદ મળેલ અરજી ફોર્મ તેમજ પાછળથી મોકલેલ પ્રમાણપત્ર અમાન્ય ગણાશે.
(૫) ઉંમર અને શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.
(૬) અરજી આપ્યા બાદ અરજીપત્રકમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી.
(૭) ફોર્મ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં નાણાંખાતાની ઓફિસેથી કામકાજના દિવસોએ ૧૧:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન(રીસેસ સમય સિવાય) રૂા.૫.૦૦ રોકડા ભરેથી મળશે.ફોર્મ પોસ્ટથી મંગાવનારે રૂા.૧૫/- નો મનીઓર્ડર નાણાંખાતુ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ ના નામે કરવાથી મોકલી આપવામાં આવશે.

**તા.૨૫.૦૨.૨૦૧૦**

**સહી/-આઇ.પી.ગૌતમ**
**મ્યુનિસિપલ કમિશનર**